

# દારોના હકો

## લાઈસન્સ દ્વારા કામદારોને રક્ષણ આપવું

Gangmasters Licensing Authority

ટેલિફોન : **+44 (0)845 602 5020**

**www.gla.gov.uk**

# GLA શું છે?

## GLA એક સંસ્થા છે, જે કામદારોને શોષણ સામે રક્ષણ પૂરું પાડે છે.

અમારી લાઈસન્સ આપવાની યોજના, નવી ઉત્પાદન શૃંખલાને કામદારો પૂરું પાડનાર ધંધાદારીઓનું વિનિયમન કરે છે. યોજનામાં સુનિશ્ચિત કરાય છે કે કામદારો પૂરાં પડાતા ધંધા (મજૂરો પૂરાં પાડનાર, ગેગમાસ્ટરો અથવા સંસ્થાઓ) અને જેમને કામદારોની જરૂર હોય તેવા ધંધાઓ (મજૂરોનો ઉપયોગ કરનાર, ખેડૂતો, પેકહાઉસીસ) કાયદા દ્વારા જરૂરી રોજગાર ધોરણો પરિપૂર્ણ કરે.

### યોજના દ્વારા કયાં ક્ષેત્રો આવરી લેવામાં આવે છે?

લાઈસન્સ યોજના દ્વારા વિવિધ શ્રેણીનાં ક્ષેત્રો આવરી લેવામાં આવે છે : કૃષિ, બાગાયત, મત્સય પ્રક્રિયા, શેલફિશ ભેગી કરવી, ડેરી-ઉદ્યોગ, અથવા આહાર અને પીણાંની પેદાશો પેક કરવી કે તેની પ્રક્રિયા કરવી.
આથી તમારા મજૂર પ્રબંધકો આ ક્ષેત્રો માટે કામદારો પૂરાં પાડે તો, તેઓએ ગેંગમાસ્ટરોનું લાઈસન્સ મેળવવું જરૂરી બનશે.

# તમારા મજૂર પ્રબંધકની જવાબદારીઓ

કામદાર તરીકેના તમારા હકોનું કાયદા દ્વારા રક્ષણ કરાય છે. કેટલાક હકો તાત્કાલિક અમલમાં આવે છે, કેટલાક તમે કેટલો સમય કામ કરો છો તેના આધારે શરતી હોય છે. લાઈસન્સ માટે સફળતાપૂર્વક અરજી કરવા, મજૂર પ્રબંધકોએ દર્શાવવું જરૂરી બનશે કે તેઓ GLA લાઈસન્સ મેળવવાના ધોરણોની શરતો પરિપૂર્ણ કરે છે. કામદારો પ્રત્યે ખરાબ વર્તાવ અને શોષણ સામે રક્ષણ કરવા આ તમામ ધોરણો હાલની કાનૂની જરૂરિયાતો છે.

હવે પછીનાં પાનાઓમાં તમારે તમારા મજૂર પ્રબંધક પાસે શાની અપેક્ષા રાખવી જોઇએ તેની મૂળભૂત રૂપરેખા આપી છે. આ માત્ર ગેંગમાસ્ટરોના લાઈસન્સની શરતો જ નથી, પરંતુ તેઓ તમારા કાનૂની હકો પણ છે – તમારી સાથે યોગ્ય વર્તાવ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું તમારા નિયોકતાની જવાબદારી છે.

તમને લાગતું હોય કે તમે જેના કાયદેસર હકદાર છો તે પરિસ્થિતિઓ તમને પૂરી પડાતી નથી, તો તમારે GLA નો સંપર્ક કરવા વિનંતી. તમે તમારા રોજગાર હકો અંગે અનુભવી સલાહકાર સાથે ચર્ચા કરવા માગતા હોવ તો, તમારે મદદ અને માર્ગદર્શન માટે તમે તમારા સ્થાનિક નાગરિક સલાહ કાર્યાલયનો સંપર્ક કરી શકો છો.

# તમારા હકો અને જવાબદારીઓ

## તમારો રોજગારનો કરાર

આ તમારા અને તમારા નિયોકતા વચ્ચેનો કરાર છે. કાયદેસર રીતે, તમે એક મહિના કરતાં વધુ સમયથી નોકરી કરતા હોવ તો, તમને તમારી શરતોનું એક લેખિત પત્રક આપવું જોઈશે. તમે કામ શરૂ કરો તેના બે મહિનાની અંદર તમને આ મળવું જોઈએ.

લેખિત પત્રકમાં નીચેની માહિતી સમાવિષ્ટ થવી જ જોઈશે:

- તમારું અને તમારા નિયોકતાનું નામ
- તમારી નોકરીનો હોદ્દો
- તમે કામ શરૂ કર્યું હોય તે તારીખ
- કામનું સ્થળ
- પગારથી રકમ અને તમને કેટલી વાર ચુકવણી કરાશે (અઠવાડિક કે માસિક)
- કામના કલાકો
- રજાની અધિકારિતા
- માંદગીના પગારની અધિકારિતા
- શિસ્તવિષયક, બરતરફી અને ફરિયાદ કાર્યવાહીઓ
- રાજીનામું આપો તો, અથવા નીચે મુજબ બરતરફી મળે તો તમને આપવી જરૂરી નોટિસ.

તમારા નિયોકતા કેટલાક સંજોગોમાં જ તમારી પરવાનગી વિના તમારા કરારની શરતો બદલી શકશે.

## રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન

તમે કાયમી નોકરીમાં, ટૂંકાગાળાના કરાર પર કે સંસ્થા માટે કામ કરતા હોવ તો તમને રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન (NMW) મળવું જોઈએ. તમને છૂટક કામનો પગાર મળતો હોય તો, તમને હજુ ન્યૂનતમ વેતન દર પગાર મળવો જોઈએ. આ જૂજ અપવાદો છે, જેમાં સ્વતંત્ર રોજગારવાળા અને સ્વૈચ્છિક કામદારોનો સમાવેશ થાય છે. અદ્યતન માહિતી મેળવવા NMW હેલ્પલાઈન પર કોલ કરવો અથવા તેમની વેબસાઈટ ચકાસવી.

## બાબતવાર પગાર સ્લિપ

તમને ચુકવણી કરાય તે જ દિવસે તમને વ્યકિતગત લેખિત પગાર સ્લિપ મળવી જોઈએ. આમાં તમારો એકંદર પગાર તથા તમારો ઘેર લઈ જવાનો પગાર દર્શાવવો જોઈશે.

દરેક પગાર સ્લિપ પર દર અઠવાડિયે બદલાતી કર તથા રાષ્ટ્રીય વીમા જેમાં ફેરફાર થઈ શકે છે તે કપાતો યાદીબદ્ધ હોવી જોઈએ. એકસરખી રહેતી હોય તેવી કપાતો વર્ષમાં એક વખતે યાદીબદ્ધ કરી શકશે. માત્ર યાદીમાં જણાવેલી કપાતો તમારા પગારમાંથી લઈ શકાશે. તમને, રજા કે માંદગીના પગાર સહિત, તમારો નક્કી કરાયેલો પગાર સમયસર મળવો જોઈએ.

## વેતનની કપાત

તમારા મજૂર પ્રબંધક તમારા વેતનમાંથી માત્ર કેટલીક કપાત કરી શકશે. આ કપાતમાં વૈધાનિક કપાતોનો સમાવેશ થાય

છે તમારા કર અને રાષ્ટ્રીય વીમા ફાળા જેવી કપાત, તમારા રોજગારના કરારમાં તમે નક્કી કરેલ હોય તે કપાત, પરિવહન કે મકાન-વ્યવસ્થા જેવી બાબતો અંગે તમે લેખિત પરવાનગી આપી હોય તે કપાત. તમારા ન્યૂનતમ વેતનને અસર પહોંચે તે પહેલાં, મકાન-વ્યવસ્થા માટે અધિકતમ ભથ્થું કાપી શકાય છે. માર્ગદર્શન માટે NMW હેલ્પલાઈન સંપર્ક કરવો.

## માંદગીનો પગાર

તમે માંદા હોવાના કારણે તમે કામ પર ન આવ્યા હોય તો, તમારી નોકરીના કરારમાં તમને મળનાર પગાર જણાવવો જોઈએ. તમે સળંગ ચાર દિવસ કે વધુ દિવસ કામ પર ન આવ્યા હોવ તો, વૈધાનિક માંદગીનો પગાર (SSP) એ ન્યૂનતમ રકમ છે, જે તમે મેળવવા હકદાર છો, પરંતુ તમારો કરાર તમને વધારાના પગાર કે લાભ આપી શકશે.

## વાર્ષિક રજા

કામ પર તમારા પ્રથમ દિવસથી શરૂ કરીને, વર્ષમાં ઓછામાં ઓછા ચાર અઠવાડિયાની સવેતન રજા માટે તમે કાયદેસર હકદાર છો. આમાં અંશકાલિન અને કરારના કામદારોની નિયત મુદ્દતનો સમાવેશ થાય છે.

તમારી રજાની અધિકારીતાની વિગતો તમારી નોકરીના કરારમાં હોવી જોઈએ. તે તમે તમારા નિયોકતા માટે કરેલ કામના સમય દરમિયાન અર્જિત સામાન્ય કામકાજના તમારા કલાકો (અંશકાલિન કામદારો માટે ભાગે પડતાં ધોરણો) પર આધારિત છે અને તમારા સામાન્ય કામકાજના દરે તેની ચુકવણી કરવી જોઈએ.

## આરોગ્ય અને સુરક્ષા

તમારા નિયોકતા, કામકાજના સ્થળે તમારા આરોગ્ય અને સુરક્ષા માટે જવાબદાર છે. તમારા આરોગ્ય અને સુરક્ષાની વ્યવસ્થા કરવા માટે જવાબદાર તમારા મજૂર પ્રબંધક અને મજૂર વપરાશકર્તાએ લેખિતમાં સમજૂતિ કરવી જોઈશે. તમને આરોગ્ય અને સુરક્ષા માહિતી, તાલીમ અને રક્ષણાત્મક પોશાક વિનામૂલ્યે મળવા જોઈએ. મજૂર પ્રબંધક દ્વારા પૂરી પડાતી કોઈપણ મકાન-વ્યવસ્થા, ચાલુ કાયદા સાથે સુસંગત હોવી જોઈએ.

## કામના કલાકો

તમારે ઓવરટાઈમ સહિત, સિવાય કે તમે તેમ કરવાનું પસંદ કર્યું હોય તો અઠવાડિયાના 48 કરતાં વધુ કલાક કામ કરવાનું રહેવું જોઈએ નહીં. તમે વધારાના કલાકો કામ કરવા સહમત થયા છો તે દર્શાવતું લેખિત રેકોર્ડ તમારા મજૂર પ્રબંધકે રાખવું જોઈશે.

તમને અઠવાડિયામાં ઓછામાં ઓછા એક દિવસની રજા લેવાનો હક છે, અને તમે દિવસના 6 કલાક કરતાં વધુ કામ કરો તો તમારે ઓછામાં ઓછા 20 મિનિટનો વિરામ લેવો જોઈએ.

## તમારી જવાબદારીઓ

તમે યુ.કે. માં કામ કરવા કાયદેસર હકદાર હોવા જોઈ, અને કાયદેસર રાષ્ટ્રીય વીમા નંબર હોવો જોઈએ, અથવા તે માટે અરજી કરેલી હોવી જોઈએ.

# અમારો સંપર્ક કરો

Gangmasters
Licensing Authority

ગેંગમાસ્ટર્સ લાઈસન્સિંગ ઓથોરિટી
[Gangmasters Licensing Authority]
PO Box 8538 ■ Nottingham ■ NG8 9AF
www.gla.gov.uk
ઈમેઈલ : enquiries@gla.gsi.gov.uk
ટેલિફોન : +44 (0)845 602 5020

CRIMESTOPPERS
0800 555 111
Call anonymously with information about crime

# લાઈસન્સના ધોરણો

તમારા મજૂર પ્રબંધકે, લાઈસન્સ આપવાના લાઈસન્સમાં ધોરણોની શરતો પરિપૂર્ણ કરવી જરૂરી બનશે, અને તેઓએ તેમનું લાઈસન્સ ચાલુ રાખવા શરતો પરિપૂર્ણ કરવાનું ચાલુ રાખવું જોઈશે.

તેમાં આવરી લીધેલાં ક્ષેત્રો નીચે પ્રમાણે છેઃ

- ગેંગમાસ્ટર તરીકે કામ કરવા GLA એ આપેલ કાયદેસર લાઈસન્સનો કબજો
- વેતન, કર, NI, VATઃ અયોગ્ય કપાતો અને આનુષંગિક બાબતો
- કામદારોનું દેવાનું બંધન, કપરો વર્તાવ કે ધમકી
- કામદારોની મકાન-વ્યવસ્થા
- કામ કરેલ કલાકો, કામકાજના સમયના વિનિયમો, વગેરે
- તાલીમ સહિત આરોગ્ય અને સુરક્ષાનો ભંગ
- ભરતી અને કારારવિષયક ગોઠવણો
- પેટા-કરાર કરવા
- ઓળખ પ્રશ્નો, અલ્પ-વયે કામ કરવું
- કાયદેસરતા અને કામદારોના હકો

વધુ માહિતી માટે તમે GLA ની પત્રિકા ’લાઈસન્સના ધોરણોની પ્રાસ્તાવિક’ ની એક નકલ મગાવી શકો.

# કામદારનું શોષણ અટકાવવા મદદ

તમારા મજૂર પ્રબંધકે 1 લી ઓકટોબર 2006 થી વિનિયમિત ક્ષેત્રોમાં કાયદેસર કામ કરવા ગેંગમાસ્ટર લાઈસન્સ મેળવવું જરૂરી બનશે. શેલફિશ ભેગી કરવા એક માત્ર અપવાદ છે.

આ ક્ષેત્રમાં, શેલફિશ ભેગી કરવા કામદારો પૂરાં પાડનાર કે ઉપયોગ કરનાર કોઈપણ વ્યકિતએ એપ્રિલ 2007થી લાઈસન્સ ધરાવવું જરૂરી બનશે. મજૂર પ્રબંધકોએ તેમનું લાઈસન્સ જાળવી રાખવા લાઈસન્સ ધોરણોનું પાલન ચાલુ રાખવું જોઈશે.

તમને એવી ચિંતા થતી હોય કે મજૂર પ્રબંધક ધોરણો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા છે અથવા લાઈસન્સ વિના કામ કરી રહયા છે, તો તમારે GLA નો +44(0) 845 602 5020 પર સવારના 9 થી સાંજના 5 કલાક દરિમયાન કોલ કરવો જોઈએ.

અથવા તમે ક્રાઈમસ્ટોપર્સને કોઈપણ સમયે +44 (0) 800 555 111 પર મફત કોલ કરી શકો છો. તેઓ સ્વતંત્ર ચેરિટી છે અને તમે તેઓને ગુના અંગે માહિતી જણાવી શકો છો. તમારે તમારું નામ આપવાની જરૂર નથી અને તમારા કોલની શોધ કરી શકાશે નહીં, તેથી તમે તમારી ચિંતાઓ અંગે તેમનો અનામી રીતે સપર્ક કરી શકો છો.

# વધુ મદદ અને માર્ગદર્શન

સંખ્યાબંધ સંસ્થાઓ છે, જેઓ તમારા તમામ હકો અંગે વિગતવાર સલાહ આપી શકે છે.

## સિટિઝન્સ એડવાઈઝ બ્યુરેક્ષ - ઈંગ્લેન્ડ, વેલ્સ અને નોર્ધર્ન આર્યલેન્ડ

તમામ બાબતો પર મફત, નિષ્પક્ષ અને ખાનગી સલાહ. યુ.કે. ની આસપાસ સ્થાનિક કચેરીઓ છે.
www.citizensadvice.org.uk
www.adviceguide.org.uk
ટેલિફોન : +44 (0)207 833 2181

## સિટિઝન્સ એડવાઈઝ બ્યુરેક્ષ - સ્કોટલેન્ડ

www.cas.org.uk
ટેલિફોન : +44 (0)131 550 1000

## ડાયરેક્ટગોવ

સરકારી ખાતાંઓની વિવિધ શ્રેણીમાંથી માહિતી.
www.direct.gov.uk/Employment/Employees/fs/en

## સલાહ, સમાધાન અને લવાદ સેવા (ACAS)

નોકરીના સંબંધો સુધારવા સ્વતંત્ર સલાહ અને અદ્યતન માહિતી પૂરી પાડે છે.
www.acas.org.uk
ટેલિફોન : +44 (0)845 747 4747

## વર્કસ્માર્ટ
કામદારના હકો અંગે મજૂર સંઘ કોંગ્રેસ (TUC) પાસેથી માહિતી.
www.worksmart.org.uk

## મજૂર સંઘ કોંગ્રેસ (TUC)
www.tuc.org.uk
ટેલિફોન : +44 (0)207 636 4030

## રોજગારની બાબતો
નિયોકતા અને કર્મચારીઓ માટે વ્યવસાય અને ઉદ્યોગ માર્ગદર્શન વિભાગ
www.dti.gov.uk/employment/index.html
ટેલિફોન : +44 (0)20 7215 5000

## અન્ય ક્ષેત્રોમાં રોજગાર સંસ્થાઓ
વ્યવસાય અને ઉદ્યોગ રોજગાર વિભાગ
સંસ્થાના ધોરણોના નિરીક્ષકનો
www.dti.gov.uk/employment/employment-agencies/index.html
હેલ્પલાઈન : +44 (0)845 955 5105

## રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન
વ્યવસાય અને ઉદ્યોગ વિભાગ
www.dti.gov.uk/employment/pay/national-minimum-wage/index.html
ટેલિફોન : +44 (0)845 600 0678

## કૃષિ ન્યૂનતમ વેતન

પર્યાવરણ, આહાર અને ગ્રામીણ બાબતો અંગેનો વિભાગ
www.defra.gov.uk/farm/agwages/index.htm
ટેલિફોન : +44 (0)845 0000 134 અથવા +44 (0)20 7271 6132

## કામકાજના સ્થળે આરોગ્ય અને સુરક્ષા

આરોગ્ય અને સુરક્ષા વહીવટકર્તા
www.hse.gov.uk/workers/index.htm
ટેલિફોન : +44 (0)845 345 0055
યુ.કે.માં સ્થાનિક કાઉન્સિલો
www.direct.gov.uk/DI1/Directories/LocalCouncils/fs/en

## માંદગી પગાર

કામ અને પેન્શન વિભાગ
www.dwp.gov.uk/lifeevent/benefits/statutory_sick_pay.asp

HM મહેસૂલ અને જકાત
તમારા SSP અધિકારીતા અંગેની માહિતી માટે તમારા સ્થાનિક HMRC કચેરીનો સંપર્ક કરવો.
www.hmrc.gov.uk/enq/index.htm
ટેલિફોનઃ HM મહેસૂલ અને જકાત અથવા અંતર્દેશીય મહેસૂલ હેઠળની ફોન-પુસ્તિકામાં ટેલિફોન યાદી આપી છે.

વૈધાનિક માંદગી પગાર માટે ફોર્મ SC2
www.hmrc.gov.uk/payetaxpayers/fagsc2.shtml

જોબસેન્ટર પ્લસ
તમને SSP ન મળતું હોય તો અશક્તતા લાભ અંગે માહિતી.
www.jobcentreplus.gov.uk/JCP/Customers/WorkingAgeBenefits/dev_008025.xml.html
ટેલિફોન : +44 (0)800 882 200

## રાષ્ટ્રીય વીમા નંબર

કામ અને પેન્શન વિભાગ
www.dwp.gov.uk/lifeevent/benefits/ni_number.asp
ટેલિફોન : +44 (0)207 712 2171

## વિરામ અને વાર્ષિક રજા

વ્યવસાય અને ઉદ્યોગ વિભાગ
www.dti.gov.uk/employment/employmentlegislation/employment-guidance/page28979.html

## ક્રાઈમસ્ટોપર્સ

www.crimestoppers-uk.org
ટેલિફોન : +44 (0)800 555 111